# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

# જામનગર

## વાર્ષિક આયોજન

## વર્ષ : ૨૦૨૪- ૨૫


સંકલન

ડો. સુરભિ એમ. પંડ્યા

લેક્ચરર

આયોજન અને વ્યવસ્થાપન શાખા

માર્ગદર્શન

ડો.પ્રફુલ્લાબા સી.જાડેજા

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

જામનગર

એફસીઆઈ ગોડાઉન સામે, લાલપુર રોડ, દરેડ – ૩૬૧૦૧૨

Website : www.dietjamnagar.org , e- mail : dietjamnagar10@gmail.com

## પ્રસ્તાવના

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જામનગરનું  વર્ષ 2024-25 નું  વાર્ષિક આયોજન  રજૂ કરતા અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન એ શિક્ષણ ક્ષેત્રે જિલ્લા કક્ષાની નોડલ એજન્સી અને શિક્ષણ તથા તાલીમ માટેની પ્રતિષ્ઠિત સંસ્થા છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ગુણવતા સુધારણા એ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો ધ્યેય છે. સાથે સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન નિરંતર શિક્ષણ અને શિક્ષણના નૂતન પ્રવાહોને જિલ્લા કક્ષાએ અમલી બનાવનાર તથા શિક્ષકોને નૂતન પ્રવાહોથી સજ્જ કરનાર જિલ્લાની એપેક્ષ સંસ્થા છે. આ સંસ્થા દ્વારા શિક્ષણની ગુણવતા, સુધારણા, સ્થાયીકરણ અને સો ટકા નામાંકન જેવા ધ્યેયોની પરિપૂર્ણતા માટેની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને તાલીમ કાર્યક્રમો માટેનું જીણવટ પૂર્વકનું આયોજન તૈયાર કરવાનો પ્રયત્ન કરેલ છે. આ વાર્ષિક આયોજન અમને અંતિમ ધ્યેય સુધી ચોક્કસ લઇ જશે.આ ઉપરાંત પ્રસ્તુત પુસ્તિકામાં જામનગર જિલ્લાની માહિતી, કાર્યક્રમ સલાહકાર સમિતિ વિશેની માહિતી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વિશેની માહિતી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની વિવિધ શાખાઓ, કાર્યો, લેબ એરિયા, વગેરે માહિતીનો સમાવેશ કરેલ છે અને અંતે વર્ષ 2024-25 દરમિયાન યોજાનાર શાખાવાર અને માસવાર વિવિધ કાર્યક્રમોની વિગત પ્રસ્તુત કરેલ છે.

આ આયોજન પુસ્તિકા શિક્ષકો અને શિક્ષણ સાથે સંકળાયેલા અન્ય સૌ કોઈ માટે માર્ગદર્શન રૂપ બની રહેશે.તેવી આશા સહ.........

**પ્રફુલ્લાબા સી.જાડેજા**

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

જામનગર

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| 1 | જામનગર જિલ્લા પ્રોફાઈલ | 4 |
| 2 | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાનો નકશો | 5 |
| 3 | જામનગર જિલ્લાનો ભૌગોલિક પરિચય | 6 |
| 4 | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાનું વિહંગાવલોકન | 7 |
| 5 | પ્રોગ્રામ એડવાઇઝરી કમિટી (પીએસી) | 11 |
| 6 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પરિચય | 13 |
| 7 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો ઉદ્ભવ અને ધ્યેયો | 15 |
| 8 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની શાખાઓ અને કાર્યક્ષેત્ર | 17 |
| 9 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું મહેકમ | 22 |
| 10 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જામનગરનો પરિવાર | 23 |
| 11 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું અન્ય સંસ્થાઓ સાથેનું સંકલન | 25 |
| 12 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો લેબ એરિયા | 26 |
| 13 | તાલુકાવાર શૈક્ષણિક માહિતી | 27 |
| 14 | વર્ષ 2024-25નું કાર્યક્રમ અનુસાર આયોજન | 33 |

# જામનગર જિલ્લા પ્રોફાઈલ


## ❖ જામનગર જિલ્લાનો ઈતિહાસ

આજનો જામનગર જિલ્લો એટલે કે ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર રાજયનો 'હાલાર પ્રદેશ' આ પ્રદેશનું નામ હાલાર જાડેજા વંશનાં મૂળ પુરુષ ગાજનનાં પુત્ર હાલાજીનાં નામ પરથી પડયુ છે. જામનગરની સ્થાપના શ્રી જામ-રાવલે આજથી આશરે ૪૭૭ વર્ષ પૂર્વે ઈ.સ. ૧૫૪૦ માં કરેલ. જેને નવો ઓપ જામશ્રી રણજિતસિંહે ઈ.સ. ૧૯૦૯ થી ઈ.સ. ૧૯૩૨ નાં ગાળામાં આપ્યો. એ સમયે તે નવાનગર સ્ટેટ તરીકે ઓળખાતું. ઈ.સ. ૧૯૫૯ માં ઓખામંડળ અમરેલી જિલ્લામાંથી રદ થઈ જામનગર જિલ્લામાં જોડાયું. આમ, જામનગર જિલ્લાનો વિસ્તાર વધ્યો. નવાનગર સ્ટેટની સ્થાપના કરનાર શ્રી જામરાવલ થી માંડીને છેલ્લા રાજા શ્રી શત્રુશલ્યજી સુધીનાં ૨૨ રાજવીઓ પ્રજાનાં હૃદયમાં સ્થાન પામ્યા છે. આ રાજવીઓ પૈકી શ્રી જામ-વિભાજીને તો લોકો ભગવાનની જેમ પૂજતા. આયુર્વેદમાં નામાંકિત ઝંડુ ફાર્મસીના સ્થાપક ઝંડુ ભટ્ટજી શ્રી જામવિભાજીનાં રાજવૈદ હતા. નવાનગર સ્ટેટના એકવીસમાં રાજવી જામ રણજિતસિંહજીના ક્રિકેટપ્રેમને કારણે રણજી ટ્રોફી આજે પણ રમાય છે. રાજવીઓએ જામનગરને એવું સુંદર રીતે વિકસાવેલ હતું કે તે જૂના સમયમાં 'સૌરાષ્ટ્રનું પેરિસ' અને 'ધ જ્વેલ ઓફ કાઠિયાવાડ ' ગણાતું. જામનગરમાં મંદિરોની સંખ્યા ખૂબ જ વધારે હોવાથી તેને છોટી કાશી તરીકે પણ ઓળખવામાં આવે છે. વર્ષ ૨૦૧૫ માં જામનગર જિલ્લામાંથી દેવભૂમિ દ્વારકા અલગ થતાં હાલ જામનગરમાં છ તાલુકાઓ રહ્યા છે. જયારે ચાર તાલુકાઓ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રહ્યા છે.

## ❖ જામનગરની શહેરની ઐતિહાસિક ઈમારતો

- પ્રતાપવિલાસ મહેલ
- લાખોટા મહેલ (લાખોટા મ્યુઝિયમ)
- દરબારગઢ
- ખંભાળિયા દરવાજો
- હવા મહેલ
- માંડવી ટાવર
- પંચેશ્વર ટાવર
- રતનબાઈની મસ્જિદ
- ભૂજિયો કોઠો
- અમર વિલાસ મહેલ
- સોલેરિયમ
- વ્હોરાનો હજીરો

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાનો નકશો



# જામનગર જિલ્લાનો ભૌગોલિક પરિચય

જામનગર જિલ્લો સંપૂર્ણપણે ઉત્તરગોળાર્ધમાં ૨૧.૪૧° થી ૨૨.૫૮° ઉત્તર અક્ષાંશ અને ૬૮.૫૬° થી ૭૦.૩૯° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ છે. જામનગર જિલ્લાની ઉત્તરે કચ્છ, પૂર્વે રાજકોટ જિલ્લો, દક્ષિણે પોરબંદર જિલ્લો અને પશ્ચિમે દેવભૂમિ દ્વારકા જિલ્લો આવેલ છે. જામનગર જિલ્લાને ૩૫૫ કિમી લાંબો દરિયાકિનારો પ્રાપ્ત થયેલ છે.

## જામનગર જિલ્લો ભૌગોલિક દૃષ્ટિએ :

| | |
|---|---|
| **ડુંગરો** | બરડો, આભપરા, આલોચની ટેકરીઓ, ગોપ, વેણુ |
| **મુખ્ય નદીઓ** | રંગમતી, નાગમતી, સસોઈ, ઉંડ, પન્ના, સિંહણ |
| **આબોહવા** | સમઘાત ઉષ્ણતામાન દરિયાઈ આબોહવા |
| **વરસાદ** | મોટાભાગનો વરસાદ ચોમાસા દરમિયાન આશરે ૭૦૦થી ૯૦૦ મીમી |


## જામનગર જિલ્લાના જોવા લાયક સ્થળો :

| | |
|---|---|
| **દ્વારકા** | હિન્દુઓના ચાર પવિત્ર યાત્રાધામ પૈકીનું એક |
| **રણુજા** | રામદેવપીરનું પ્રસિદ્ધ મંદિર |
| **ભચૂર મોરીનું મેદાન** | જામ અજાજી અને અકબર બાદશાહનાં રણસંગ્રામની યુદ્ધભૂમિ |
| **હર્ષદ** | લાંબા બંદર પાસે ડુંગર પર હરસિદ્ધિ માતાનું મંદિર |
| **ધુમલી** | ભાણા જેઠવાની ઐતિહાસિક નગરી ટેકરી પર મંદિર |
| **પીરોટન ટાપુ** | દરિયાઈ જીવસૃષ્ટિ (મરીન પાર્ક) |
| **ખિજડીયા** | રાષ્ટ્રીય પક્ષી અભ્યારણ્ય |
| **કિલેશ્વર** | પૌરાણિક શિવ મંદિર અને પ્રકૃતિ ધામ |
| **બેટ દ્વારકા** | દ્વારકાથી ૩૦ કિમી દરિયામાં શ્રીકૃષ્ણની નગરી, બેઠક |
| **નાગેશ્વર જ્યોર્તિલિંગ** | ભારતના બાર જ્યોર્તિલિંગમાંનું એક |

# જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાનું વિહંગાવલોકન

| ક્રમ | વિગત | માહિતી | |
|---|---|---|---|
| 1 | જિલ્લાનું નામ | જામનગર | દેવભૂમિ દ્વારકા |
| 2 | તાલુકા પંચાયતો | 6 | 4 |
| 3 | ગ્રામ પંચાયતો | 415 | 239 |
| 4 | શહેરો | 19 | |
| 5 | નગરપાલિકા | 04 | 06 |
| 6 | મહાનગર પાલિકા | 01 | - |
| 7 | પ્રાથમિક શાળાઓ (સરકારી) | 209 | 209 |
| 8 | ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (સરકારી) | 500 | 388 |
| 9 | પી.ટી.સી. કોલેજો | 2 | - |
| 10 | બંદરો | 1 | 3 |
| 11 | બી.એડ્. કોલેજો | 8 | 1 |
| 12 | ક્ષેત્રફળ | 8441 Sq. Km. | 5684 Sq. Km. |
| 13 | વસતી ગીચતા | 169 | 132 |
| 14 | સી.આર.સી. | 71 | 69 |
| 15 | સાક્ષારતા દર | સ્ત્રી – 65.33 | સ્ત્રી – 65.97 |
| | | પુરુષ – 81.50 | પુરુષ – 82.35 |
| | | કુલ – 66.48 | કુલ – 74.16 |

પ્રાપ્તિ સ્થાન :
- Census of India 2011
- ડાયસ રિપોર્ટ, જામનગર 2020-21




પ્રાપ્તિ સ્થાન : સેન્સસ ઓફ ઇન્ડિયા, 2011

નોંધ : દેવભૂમિ દ્વારકા જિલ્લો અલગ થયા પહેલાની માહિતી છે.

## ❖ જામનગર શહેરના પ્રસિદ્ધ સ્થળો :

- **બાલા હનુમાન મંદિર** - રણમલ તળાવની પાળ પર આવેલ, અખંડ રામધુન માટે ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામેલ છે.
- કબીર આશ્રમ
- ખીજડા મંદિર
- આણદાબાવા આશ્રમ
- લાખોટા પેલેસ
- રણમલ તળાવ
- ભુજિયો કોઠો
- જૈન મંદિરો
- સોલેરિયમ
- સિદ્ધનાથ મહાદેવ મંદિર
- એશિયાની એકમાત્ર આયુર્વેદ યુનિવર્સિટી
- દાઉદી વ્હોરાનો હજીરો

## ❖ જામનગરનાં મુખ્ય ઉદ્યોગ-ધંધા તથા હસ્ત કારીગીરી :

- કંકુ, સુરમો, કાજલ, બાંધણી, ઘરચોળા, અત્તર, ચપ્પુ, સુડી
- બ્રાસપાર્ટ ઉદ્યોગ
- મીઠું પકવવાનો ઉદ્યોગ
- સિમેન્ટ બનાવવાનો ઉદ્યોગ
- વહાણ ભાંગવાનો (Ship Breaking) ઉદ્યોગ
- નાયલોન બટન, સાયકલ ટયુબ, સાયકલ વાલ્વ બનાવવાનો ઉદ્યોગ
- રિલાયન્સ ઈન્ડસ્ટ્રી
- એસ્સાર ઈન્ડસ્ટ્રી
- જી.એસ.એફ.સી. કંપની
- ભૂમિદળ, નૌકાદળ તથા હવાઈદળ - સૈન્યની ત્રણેય પાંખોના મથકો
- ગુજરાત રાજયની એકમાત્ર સૈનિક સ્કૂલ - બાલાચડી

## ϖ જામનગર જિલ્લાની પ્રસિદ્ધ વ્યક્તિતઓ

| | |
|---|---|
| આયુર્વેદાચાર્ય | ઝંડુ ભટ્ટજી |
| વિવેચક | મનસુખલાલ ઝવેરી |
| સંસ્કૃત વિદ્વાન | હાથીભાઈ શાસ્ત્રી |
| સંસ્કૃત વિવેચક | ગૌરી પ્રસાદ ઝાલા |
| મહિલા લેખક | ઈલા આરબ મહેતા |
| નવલીકાકાર | ઉમેદભાઈ મણિયાર |
| દાતાઓ | શ્રી મેઘજી પેથરાજ શાહ, રાજરત્ન નાનજી, કાલીદાસ મહેતા, શ્રી ડોલરરાય માંકડ |
| કાર્ટુનિસ્ટ | રમેશભાઈ બૂચ |
| ચિત્રકાર | હરિભાઈ વ્યાસ, નાગજીભાઈ ચૌહાણ |
| કવિ | ભાનુભાઈ વ્યાસ |
| ખેલાડીઓ | જામ રણજિતસિંહજી, વિનુ માંકડ, વિજય મરચન્ટ, સલીમ દુરાની, અજય જાડેજા, રવિન્દ્ર જાડેજા |

# પ્રોગ્રામ એડવાઈઝરી કમિટી (પીએસી)

## ❖ પ્રસ્તાવના :

ગુજરાત રાજય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જીસીઈઆરટી), ગાંધીનગર પ્રેરીત અને ડાયેટ ગાઈડ લાઈન મુજબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો ગુજરાત રાજયમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સતત પ્રયત્નશીલ છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા યોજાતા શૈક્ષણિક કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની સમગ્ર શ્રેણીના આયોજન અને સંચાલન અંગે માર્ગદર્શન અને સલાહ માટે કાર્યક્રમ સલાહકાર સમિતિ (પીએસી) ની રચના કરવામાં આવી છે. આ સમિતિની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી બે વાર મળે છે. આ સમિતિઓના માર્ગદર્શક સુચનો મેળવી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો તેના શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરે છે.

૧૨મી પંચવર્ષીય યોજના અન્વયે માનવ સંશાધન અને સંચાલન વિકાસ મંત્રાલય (MHRD) દ્વારા નવી ટીચર એજયુકેશન સ્કીમ અમલમાં મૂકવામાં આવી છે. જે અન્વયે ગાઈડ લાઈનમાં જણાવ્યા મુજબ અને શિક્ષણ વિભાગ ગુજરાત સરકારનાં ઠરાવ ક્રમાંક જશભ/૧૨/૨૦૧૩/૮૯૧૩૩૫/ન. સચિવાલય ગાંધીનગર તા. ૧૫/૦૧/૨૦૧૪ થી અમલમાં આવી. જે ઠરાવ મુજબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જામનગરની કાર્યક્રમ સલાહકાર સમિતિ પણ રીફોર્મ થયેલ છે. જેમાં હવે નીચે મુજબનાં સભ્યો રહેશે.

**(૧) સભ્યો**

1. District Magistrate / District Collector - Chairman
2. District Development Officer (DDO) - Co-chairman
3. District Education Officer
4. District Primary Education Officer
5. District Project Co-ordinator of SSA and RMSA
6. Two Senior faculty of DIET
7. Two School Head Masters
8. One representative, each from tribal welfare department, social welfare department, minorities department, women and child welfare department

9. One BRC Co-ordinator
10. One CRC Co-ordinator
11. One Principal from private aided / unaided teacher education college (D.Ed. and B.Ed.)
12. Principal, IASE
13. Principal, CTE
14. Representative of Director SCERT
15. One NGO working in the field of teacher education
16. Two student from PSTE (senior and junior)
17. Principal, DIET : Convener

## (૨) કાર્યો

1. District focus in programmes and activities
2. Coordination among institutions
3. Promoting innovation
4. Ensuring that the State Education Plans are adequately reflected within the district plans
5. Efficient use of resources and personal to address education quality and teacher education requirements of the district
6. Gunotsav and Monitoring District level implementation as per the R.T.E. Act-2009, Article No. 29
7. Sharing the results of Gunotsav programme and improving the quality level.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - પરિચય



જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જામનગરની સ્થાપના તારીખ : 15-10-1994, થી કરવામાં આવી છે. તે પહેલાં આ સંસ્થા પુરુષ અધ્યાપન મંદિર તરીકે અસ્તિત્વ ધરાવતી હતી. પુરુષ અધ્યાપન મંદિરની સ્થાપના તારીખ : 15-06-1960 ના રોજ થઈ હતી. આમ જોઈએ તો જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ૫૦ વર્ષ જૂની કેળવણીની સંસ્થા છે.

આ સંસ્થા સૌપ્રથમ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકા મથક પર હતી. આ સંસ્થા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં અપગ્રેડ થતાં જિલ્લા મથક પર લાવવા માટે તા : 14-06-1998 ના રોજ ધ્રોલથી ખસેડી જામનગર ખાતે ડી.કે.વી. કોલેજ હોસ્ટેલના બિલ્ડીગમાં લાવવામાં આવી.

વર્ષ 1994માં ગુજરાત રાજયની જિલ્લા મથકે આવેલી પી.ટી.સી. કોલેજને અપગ્રેડ કરીને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સ્થાપના કરવામાં આવી. ત્યારે પુરુષ અધ્યાપન મંદિર ધ્રોલ પણ અપગ્રેડ થઈને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જામનગર સંસ્થા બની. પુરુષ અધ્યાપન મંદિર ધ્રોલ પહેલા પૂર્વ સેવા શિક્ષક પ્રશિક્ષણનું જ કાર્ય કરતી હતી. પરંતુ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના સાથે સેવા અંતર્ગત શિક્ષક પ્રશિક્ષણનું કાર્ય પણ હાથ ધરવામાં આવ્યું છે.

દરેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના સાથે કેન્દ્રિય પુરસ્કૃત યોજના હેઠળ નવું મકાન બાંધવાની કાર્યવાહી વર્ષ 1998 માં હાથ ધરવામાં આવી. અને જામનગરથી ૭ કિલોમીટર દૂર લાલપુર હાઈવે પર દરેડ મુકામે એફ.સી.આઈ. ગોડાઉન

સામે ચેલા ગૌચરની 10 એકર જમીનમાં 1 કરોડ 10 લાખ રૂપિયાના ખર્ચે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગરના નવા સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું. તા. 01-09-2011 ના રોજ માનનીય શ્રી આનંદીબેન પટેલ (શિક્ષણ મંત્રીશ્રી - ગુજરાત રાજય) ના વરદ્હસ્તે નવ નિર્મિત સંકુલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. હાલ આ સંસ્થા એ જ સંકુલમાં કાર્ય કરી રહી છે. હાલમાં સરકારશ્રીનાં આદેશ મુજબ જામનગર જિલ્લાની એક માત્ર બી.એડ્. કોલેજ પણ અહીં કાર્યરત છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો ઉદ્ભવ - ધ્યેયો

❖ ઉદ્ભવ :

ગુજરાત રાજયમાં પ્રાથમિક શિક્ષણનો વ્યાપ અને ગુણવત્તા વધારવાનું શિક્ષકોને નૂતન પ્રવાહોથી વાકેફ કરવાનું, નવા શૈક્ષણિક પ્રયોગો હાથ ધરવાનું, સંશોધન કાર્ય કરવાનું, અને માર્ગદર્શન પુરુ પાડવાનું કાર્ય ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ કરે છે. પ્રાથમિક શિક્ષણના દર વર્ષે વધતા જતા વ્યાપને પહોંચી વળવા માટે શિક્ષણ નિતિ ૧૯૮૬ માં પ્રાથમિક શિક્ષણ આપતા શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા વધારવા અને શિક્ષણ નૂતન પ્રવાહોથી સતત સંપર્કમાં રાખવા માટે જિલ્લા કક્ષાએ વ્યવસ્થિત તંત્ર ઉભું કરવામાં આવ્યું. જેને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તરીકે ઓળખવામાં આવે છે.

રાજયમાં હાલ વર્ષ 2016-17 સુધી 26 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો કાર્યરત હતા. વર્ષ 2017-18 માં તાપી જિલ્લામાં નવું જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કાર્યકત થતાં કુલ 27 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો કાર્યરત છે. જેમાં દરેક જિલ્લામાં એક જયારે અમદાવાદ જિલ્લામાં અમદાવાદ શહેર અને ગ્રામ્ય એમ બે જિલ્લા શિક્ષણ તાલીમ ભવનો કાર્યરત છે. હાલ નવા રચાયેલા તમામ જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના થવાની કાર્યવાહી પણ હાથ ધરાઈ રહી છે. જામનગર જિલ્લામાં દરેડ મુકામે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આવેલું છે. જામનગર જિલ્લામાં ૬ તાલુકાઓમાં તથા દેવભૂમિ દ્વારકાના 4 તાલુકાઓમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા વધારવા તથા પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલા પ્રાથમિક શિક્ષકો, શિક્ષણ નિરીક્ષકો, આચાર્યો વગેરેને શિક્ષણના નવીન પ્રવાહોથી વાકેફ કરવા તથા તેમની શૈક્ષણિક સજ્જતામાં વધારો કરવા જરૂરી માર્ગદર્શન તથા વિવિધ તાલીમો આપવા માટેનું કાર્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગર (ડાયેટ) કરે છે. આ કાર્ય ગુજરાત રાજય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ થાય છે.


## ❖ ધ્યેયો

- પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધારવો તેમજ તેની સાથે સંકળાયેલ વ્યક્તિઓના કાર્યની ગુણવત્તા, કાર્યક્ષમતા તથા શૈક્ષણિક સજ્જતા વધારવી.
- સી.આર.સી. અને બી.આર.સી.ના રીસોર્સ પર્સન તૈયાર કરી તેમને માર્ગદર્શન આપવું.

- પ્રાથમિક શિક્ષકો માટે ટુંકા ગાળાના અને લાંબા ગાળાના તાલીમી કાર્યક્રમો અને કાર્યશિબિરો યોજવી.
- બ્લોક રીસોર્સ પર્સનની શૈક્ષણિક સજજતા વધારવી.
- પ્રાથમિક શિક્ષણના કેન્દ્રમાં કામ કરતા કેન્દ્ર સંચાલકો, નિરીક્ષકો તથા આંગણવાડીની બાલ સેવીકાઓને સેવા કાલીન તાલીમ પૂરી પાડવી.
- પ્રોજેક્ટ શાળાઓ વિકસાવવી અને જિલ્લાની શાળાઓ માટે નમૂનારૂપ બનાવવી.
- પી.એસ.ટી.ઈ. શાખાના તાલીમાર્થીઓમાં ગુણાત્મક સુધારો લાવવો.
- પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ક્રિયાત્મક સંશોધનો હાથ ધરવા.
- પ્રાથમિક શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા દૂર કરવી તથા ગુણવત્તા સુધારણા લાવવા પ્રયોગાત્મક સંશોધનો હાથ ધરવા.
- શૈક્ષણિક સાધન સામગ્રી (TLM) નિર્માણ તથા પ્રકાશન હાથ ધરવા.
- જિલ્લા શિક્ષણ સમિતિનાં કાર્યક્રમોને સહકાર તથા પ્રતિપોષણ પૂરાં પાડવા.
- નવસંસ્કરણ શૈક્ષણિક કાર્યક્રમો યોજવા.
- નિરંતર શિક્ષણ અને વસતી વિષયક સમજનો વ્યાપ જિલ્લામાં વધારવો.
- બી.એડ્.ના તાલીમાર્થીઓને પૂર્વ સેવા તાલીમ આપવી.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની

# શાખાઓ અને કાર્યક્ષેત્ર




## 1. પૂર્વ સેવા શિક્ષક પ્રશિક્ષણ (પીએસટીઈ) શાખા

1. નીચેનાં કાર્યો માટેની કેન્દ્રવર્તી શાખા તરીકે વર્તવું

    i) પી.એસ.ટી.ઈ. શાખાના તાલીમાર્થીઓને તાલીમ આપવી, તે માટેની વિષયવાર તમામ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

    ii) પી.એસ.ટી.ઈ. શાખાના તાલીમાર્થીઓને વિદ્યાર્થી કેન્દ્રી અભિગમ તથા તાલીમ દ્વારા વ્યક્તિતત્વ વિકાસની તાલીમ આપવી તથા શાખા સંબંધિત શૈક્ષણિક સાધનો બનાવવા તથા ક્રિયાત્મક સંશોધનો હાથ ધરવા માટે માર્ગદર્શન આપવું.

    iii) શૈક્ષણિક પદ્ધતિઓ અને વિષય શિક્ષણને લગતી તમામ સામાન્ય અને ખાસ બાબતો વિશે તાલીમ ચર્ચા.

    iv) પી.એસ.ટી.ઈ. શાખાના તાલીમાર્થીઓ તથા જિલ્લાનાં અનૌપચારિક શિક્ષણનાં કેન્દ્રો અને પ્રૌઢ શિક્ષણ કેન્દ્રોને મનોવૈજ્ઞાનિક સલાહદર્શન અને માર્ગદર્શન આપવું.

v) દિવ્યાંગ વિદ્યાર્થીઓ અને મેધાવી વિદ્યાર્થીઓનું શિક્ષણ.

2. પી.એસ.ટી.ઈ. શાખાનાં વિષયો સાથે સંબંધિત ગુણવતા સભર સેવાકાલીન કાર્યક્રમોનું આયોજન કરવું.

3. શાખાને સંબંધિત વિષયો કે કાર્યક્ષેત્ર અંગે ભવનની અન્ય શાખાઓ સાથે મળી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરવું.

4. વિજ્ઞાન પ્રયોગશાળા, મનોવિજ્ઞાનનાં પ્રયોગનાં સાધનો, દિવ્યાંગ બાળકો માટે સાધન સહાયરૂમ, કલા શિક્ષણ માટેનાં ખંડો, રમતગમત અને શારીરિક શિક્ષણ અંગેના સાધનો અને સુવિધાઓની જાળવણી કરવી.

5. શાખા સંબંધિત સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જેમ કે ચર્ચામંચ, વકતૃત્વ સ્પર્ધા, ભાષા મેળો, વિજ્ઞાન પ્રદર્શન, નાટક કલા, રમતગમત સ્પર્ધા, યોગ અને વિવિધ શોખ માટેની પ્રવૃત્તિઓ.

## 2. સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રિય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન (આઈએફઆઈસી) શાખા

1. જિલ્લાનાં શૈક્ષણિક અધિકારીઓ અને સંસ્થાઓ સાથે મળીને સમગ્ર જિલ્લાનાં સેવાકાલીન તાલીમ કાર્યક્રમોનું આયોજન અને સંકલન કરવું આ માટે શાખાએ નીચે મુજબનાં કાર્યો કરવા.

    i) જિલ્લાની પ્રાથમિક શિક્ષકોની શૈક્ષણિક જરૂરિયાતો જાણવી અને તે મુજબ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવું.

    ii) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની બહારનાં કાર્યક્રમોનું વાર્ષિક કેલેન્ડર બનાવવું.

    iii) જિલ્લાની અન્ય કચેરીને સેવકાલિન વાર્ષિક કેલેન્ડર બનાવવામાં મદદરૂપ થવું.

2. જિલ્લામાં ચાલતા તમામ સેવાકાલીન તાલીમ કાર્યક્રમોનું મૂલ્યાંકન અને નિરીક્ષણ કરવું તથા તેની ગુણવતામાં સતત સુધારો કરવો.

3. જિલ્લાનાં કર્મચારીઓનો ડેટાબેઈઝ તૈયાર કરવો અને તાલીમનાં અનુસંધાને અનુકાર્ય કરવું અને તે માટે છાપેલ સાહિત્ય અને મુલાકાત દ્વારા પ્રત્યાયન કરવું.

4. જે શિક્ષકો પોતાનું આગળનું શિક્ષણ ચાલુ રાખવા ઈચ્છતા હોય તેમના માટે સંદર્ભો અને સંસાધન સહાયની કેન્દ્રવર્તી શાખા તરીકે વર્તવું.

## 3. પાઠયક્રમ સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન (સીએમડીઈ) શાખા

1. પાઠય પુસ્તકની સમીક્ષા, મૂલ્યાંકન કરવું.
2. પૂરક સાહિત્ય નિર્માણ કરવું.
3. પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ અને પુસ્તકોનો અભ્યાસ કરવો.
4. જિલ્લામાં બોલાતી બોલીઓનું સર્વેક્ષણ કરવું.
5. મૂલ્યાંકન કસોટીઓ તથા સતત સર્વગ્રાહી મૂલ્યાંકન તૈયાર કરવું.
6. ક્રિયાત્મક સંશોધન વિશે માહિતી આપવી.
7. શિક્ષકોને ક્રિયાત્મક સંશોધન હાથ ધરવા માટે પ્રેરણા આપવી.
8. જિલ્લા માટે સંશોધન સાર સંગ્રહ તૈયાર કરવો.

## 4. આયોજન અને વ્યવસ્થાપન (પીએન્ડએમ) શાખા

1. જિલ્લાની શૈક્ષણિક માહિતી નીભાવવી અન તેને અપેડેટ રાખવી
2. જિલ્લાની શૈક્ષણિક કચેરીઓને (i) સ્કૂલ મેપીગ (ii) લાભાર્થી જૂથ માટેનાં સૂક્ષ્મ અને વ્યવસ્થિત આયોજન માટે ટેકનીકલ સહાય પૂરી પાડવી.
3. ભવનનું વાર્ષિક આયોજન તૈયાર કરવું.
4. ભવનનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો.
5. ભવનની તમામ શાખાઓની પ્રવૃત્તિઓનું સંકલન કરવું.
6. ભવનની તમામ શૈક્ષણિક, વહીવટી અને નાણાંકીય બાબતોનું સંકલન કરવું.
7. જિલ્લાની આંકડાકીય માહિતી અંગેની પુસ્તિકા તૈયાર કરવી.
8. જિલ્લાની શૈક્ષણિક જરૂરિયાતો જાણવી.
9. પીએસી બેઠક બોલાવવી અને ભવનનાં આયોજન અને અન્ય સંસ્થાકીય પ્રવૃત્તિઓ માટે તેનાં સૂચનો મેળવવા.

## 5. શૈક્ષણિક પ્રૌદ્યોગિકી (ઈટી) શાખા

1. પ્રાથમિક શિક્ષણ અને પ્રાથમિક શિક્ષક તાલીમ માટે સાદા, અસરકારક અને ઓછી કિંમતનાં વિવિધ શૈક્ષણિક સાધનો જેવા કે ચાર્ટસ, ડાયાગ્રામ્સ, મોડેલ્સ, ફોટોગ્રાફસ, સ્લાઈડસ, ઓડિયો ટેપ્સ, નાટય સ્ક્રીપ્ટ વગેરે તૈયાર કરવા.
2. ડીઆરયુ શાખાને અનૌપચારિક શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણ માટે ઓછી કિંમતનાં શૈક્ષણિક સાધનો તૈયાર કરવા માટે મદદ કરવી.
3. ભવનનાં તમામ ઓડીયો વિઝયુઅલ્સ સંશાધનો, કમ્પ્યૂટર લેબ અને શિક્ષકોએ બનાવેલ વિવિધ શૈક્ષણિક સાધનોની જાળવણી કરવી અને શૈક્ષણિક ઓડિયો / વિડિયો કેસેટ્સ, સીડીઝ અને મલ્ટીમીડીયા પ્રોજેકટરની જાળવણી કરવી.
4. જિલ્લાની સંસ્થાઓને સ્લાઈડસ, કેસેટસ અને શૈક્ષણિક સાધનો તથા પ્રસારણ માટેની સગવડતા પુરી પાડવી.
5. નજીકનાં રેડીયો સ્ટેશન સાથે મળી પ્રાથમિક શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ અને અનૌપચારિક શિક્ષણને સંબંધિત શૈક્ષણિક પ્રસારણ માટેની વ્યવસ્થા કરવી.
6. શૈક્ષણિક પ્રૌદ્યોગિકીનો અસરકારક ઉપયોગ થાય તેવા સેવાકાલીન તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવું.

## 6. જિલ્લા સંસાધન એકમ (ડીઆરયુ)

1. જિલ્લાની અન્ય સંસ્થાઓ સાથે મળી જિલ્લાનાં પ્રૌઢશિક્ષણ અને અનૌપચારિક શિક્ષણ માટેનાં કાર્યક્રમોનું આયોજન અને સંકલન કરવું.
2. જિલ્લામાં ચાલતા પ્રૌઢ શિક્ષણ અને અનૌપચારિક શિક્ષણ તાલીમ કાર્યક્રમોનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવું અને તેની ગુણવતામાં સતત વધારો થાય તે માટે પ્રયત્નો કરવા.
3. જિલ્લામાં અનૌપચારિક શિક્ષણનાં કેન્દ્રો અને પ્રૌઢ શિક્ષણ કેન્દ્રો માટે સંદર્ભ કેન્દ્ર અને સમસ્યાઓનાં ઉકેલ માટેની કેન્દ્રવર્તી શાખા તરીકે વર્તવું તથા તે માટે ક્ષેત્રિય આંતરક્રિયા અને તે અંગેના પ્રકલ્પો હાથ ધરવા.
4. અન્ય શાખાઓ સાથે મળીને પ્રૌઢ શિક્ષણ અને અનૌપચારિક શિક્ષણનાં ક્ષેત્ર સાથે સંબંધિત ક્રિયાત્મક સંશોધનો હાથ ધરવા.

5. પૂર્વ સેવાકાલીન અને સેવાકાલીન કાર્યક્રમોમાં પ્રૌઢશિક્ષણ અને અનૌપચારિક શિક્ષણ અંગેની જાણકારી આપવી.
6. શાખા માટે આયોજન અને જરૂરી મોડેલ્સ તૈયાર કરવા.
7. સમાજમાં સાક્ષરતા અને જાગૃતિમાં વધારો થાય તેવી તમામ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

## 7. કાર્યાનુભવ (ડબલ્યુઈ) શાખા

1. કાર્યાનુભવ સંબંધિત કરાવી શકાય તેવી પ્રવૃત્તિઓની વિગતવાર યાદી તૈયાર કરવી.
2. કાર્યાનુભવનાં ક્ષેત્ર સાથે સંબંધિત અને સ્થાનિક કક્ષાએ ઉપયોગી થાય તેવી પ્રવૃત્તિઓ, ઓછી કિંમતનાં શૈક્ષણિક સાધનો, મૂલ્યાંકન ઉપકરણો, પ્રયુક્તિઓ અને કાર્યોની જાણકારી મેળવવી તથા તે ક્ષેત્રોમાં જાગૃતિ લાવવી.
3. કાર્યાનુભવ માટેની પ્રવૃત્તિઓ માટે સાહિત્ય તૈયાર કરવું.
4. ભવનની અન્ય પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોમાં કાર્યાનુભવ સંબંધિત સૂચનો આપવા.
5. શાખાનું વિગતવાર આયોજન તૈયાર કરવું.
6. કાર્યાનુભવ પ્રવૃત્તિઓ માટે બાગ અને બગીચાની જાળવણી કરવી.
7. ભવન માટે ઈકો-કલબ સંલગ્ન પ્રવૃત્તિઓ અને કેમ્પસ ડેવલોપમેન્ટને લગતી પ્રવૃત્તિઓ હાથ ધરવી.
8. ભવનનાં તાલીમાર્થીઓમાં કાર્યાનુભવ સંબંધિત શોખ વિકસે તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

## 8. ગણિત - વિજ્ઞાન એકમ (એમએસયુ)

1. આ  શાખાનું મુખ્ય કાર્ય પ્રાથમિક શિક્ષકોને ગણિત - વિજ્ઞાનન વિષયોમાં સુસજ્જ બનાવવા અને ગણિત - વિજ્ઞાન વિષયોની ગુણવત્તા વધારવી.
2. વિજ્ઞાન વિષયને લગતી સ્પર્ધાઓ માધ્યમિક કક્ષાએ યોજવી જેવી કે નેશનલ સાયન્સ સેમીનાર, ઈન્ટેલ સાયન્સ ટેલેન્ટ ડીસ્કવરી ફેર.
3. પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ તાલુકા તથા જિલ્લા કક્ષાના વિજ્ઞાન મેળાનું આયોજન કરવું અને યોજવા.
4. ઈકો કલબની રચના કરવી અને વ્યવસ્થિત રીતે ચલાવવી.

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જામનગર
## મંજૂર થયેલ મહેકમ

| ક્રમ | જગ્યાનું નામ | કક્ષા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રાચાર્યશ્રી | 01 | 01 | - | 01 |
| ૨ | સિનિયર લેક્ચરર | 03 | 07 | 02 | 05 |
| ૩ | જુનિયર લેક્ચરર | 03 | 15 | 10 | 05 |
| ૪ | ટેક્નીશ્યન | 03 | 01 | - | 01 |
| ૫ | ગ્રંથપાલ | 03 | 01 | - | 01 |
| ૬ | ગૃહપતિ | 03 | 01 | - | 01 |
| ૭ | કોમ્પ્યૂટર ઓપારેટર | 03 | 01 | - | 01 |
| ૮ | ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ | 03 | 01 | - | 01 |
| ૯ | હેડકલાર્ક મહેકમ / હિસાબી | 03 | 02 | - | 02 |
| ૧૦ | સિનિયર કલાર્ક / આંકડા | 03 | 03 | 01 | 02 |
| ૧૧ | જુનિયર કલાર્ક | 03 | 02 | - | 02 |
| ૧૨ | પટ્ટાવાળા | 04 | 03 | - | 03 |
| ૧૩ | ચોકીદાર | 04 | 01 | - | 01 |
| | કુલ | **-** | **39** | **13** | **26** |


# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જામનગર
## અમારો પરિવાર

| ક્રમ | કર્મચારીનું નામ | હોદો | લાયકાત | શાખા |
|---|---|---|---|---|
| 1 | ડો. પી. સી. જાડેજા | ઇ.ચા. પ્રાચાર્યશ્રી | એમ.એ. (સંસ્કૃત / ગુજરાતી) એમ.એડ્., પીએચ.ડી. (એજયુ.) | પીએસટીઈ (ગુજરાતી) |
| 2 | શ્રી એમ. ડી. બગડા | સિ.લે. | એમ.એ.(હિન્દી), બી.એડ્., એમ.એ. (એજયુ.) | ડીઆરયુ |
| 3 | ડો. એસ. જે. જાની | સિ.લે. | એમ.એસસી. (ભૌ. વિજ્ઞાન), એમ.એડ્., પીએચ.ડી. (એજયુ.) | ઈટી |
| 4 | શ્રી જે. એસ. ચિકાણી | જુ.લે. | એમ.એસસી. (ફિઝિકસ), એમ.એડ્. | ડબલ્યુ. ઈ. |
| 5 | શ્રી જી. એન. પોંકિયા | જુ.લે. | એમ.એ. (સમાજશાસ્ત્ર), બી.એડ્. | પીએસટીઈ (સા.વિ.) |
| 6 | શ્રી એસ. એમ. રેહિલ | જુ.લે. | એમ.પી.એડ્., એન.આઈ.એસ. | પીએસટીઈ (શા.શિ.) |
| 7 | ડો. એસ. એમ. પંડયા | જુ.લે. | પી.ટી.સી., એમ.કોમ., ડી.સી.એસ., એમ.એડ્., જી-સ્લેટ (એજયુ., કોમર્સ), પીએચ.ડી. (એજયુ.), યુજીસી નેટ (કોમર્સ, એજયુ) | પીએન્ડએમ |
| 8 | ડો. એચ. એમ. અકવાલિયા | જુ.લે. | એમ.કોમ., એમ.એડ્., પીએચ.ડી. (એજયુ.) | પીએસટીઈ (મનો વિજ્ઞાન) |
| 9 | ડો. એસ. એમ.ચોવટિયા | જુ.લે. | એમ.કોમ., એમ.એડ્., પીએચ.ડી. (એજયુ.), જી-સ્લેટ, ડીસીએસ. | આઈએફઆઈસી |


| ક્રમ | કર્મચારીનું નામ | હોદો | લાયકાત | શાખા |
|---|---|---|---|---|
| 10 | ડો. ડી. ડી. આસોંદરિયા | જુ.લે. | એમ.એ. (અંગ્રેજી), એમ.એડ઼., પીએચ.ડી. (એજયુ.) | પીએસટીઈ (અંગ્રેજી) |
| 11 | શ્રી વી. વી. સુરેલિયા | જુ.લે. | એમ.એસસી. (મેથ્સ), એમ.એડ઼., યુ.જી.સી.-નેટ (એજયુ.), સ્લેટ (એજયુ.), સી.આઈ.સી. | પીએસટીઈ (મેથ્સ) |
| 12 | શ્રી જે. જે. કાનાણી | જુ.લે. | એમ.એસસી (કેમેસ્ટ્રી),જીસેટ (એજ્યુ.), એમ.એડ઼. | આઈએફઆઈસી |
| 13 | જયદીપભાઇ જે. કગથરા | સી.ક્લાર્ક | બી.કોમ | વહીવટી |

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જામનગર
## અન્ય સંસ્થાઓ સાથેનું સંકલન

❧ નાણાંકીય સહાયક તંત્ર :




❧ તાલીમ સહાયક તંત્ર :



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો લેબ એરીયા

- જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ
- નિમ્ન સાક્ષરતા આંક ધરાવતા દેવભૂમી દ્વારકા જિલ્લાના ખંભાળીયા અને કલ્યાણપુર બે તાલુકાઓ
- જિલ્લાની સિદ્ધિ કસોટીમાં પ્રાપ્ત થયેલ નિમ્ન સિદ્ધિવાળા વિષયો અને તાલુકા
- NAS ના નબળા આવેલા પરિણામ વાળા તાલુકાની શાળાઓ
- પી.એસ.ટી.ઈ. શાખાના તાલીમાર્થીઓની પ્રાયોગિક શાળાઓ
- જિલ્લાની ગુણોત્સવ 2.0 માં નિમ્ન પરિણામ ધરાવતી શાળાઓ
- બી.એડ્.ના પ્રશિક્ષાણાર્થીઓ

# તાલુકાવાર શૈક્ષણિક માહિતી

## 1. લાયઝનીંગ અધિકારીની માહિતી

| ક્રમ | લેકચરરનું નામ | લાયઝનીગ માટે ફાળવેલ તાલુકો | કોન્ટેકટ નંબર |
|---|---|---|---|
| 1 | શ્રી એમ.ડી.બગડા | દ્વારકા, કાલાવડ | 9824512771 |
| 2 | ડો. એસ. જે. જાની | લાલપુર, જામજોધપુર, | 9427514635 |
| 3 | શ્રી જે. એસ. ચિકાણી | જામખંભાળીયા, ભાણવડ | 9428277903 |
| 4 | ડો. એસ. એમ. પંડયા | જામનગર (તાલુકો તથા કોર્પોરેશન) | 9726711865 |
| 5 | શ્રી વી. વી. સુરેલિયા | ધ્રોલ, જોડિયા | 8849400537 |
| 6 | શ્રી જે. જે. કાનાણી | કલ્યાણપુર | 9998965047 |

## 2. તાલુકાવાર બી.આરસી. કો-ઓર્ડીનેટસર્ની માહિતી

| ક્રમ | નામ | તાલુકો | કોન્ટેકટ નં. | ઈ-મેઈલ |
|---|---|---|---|---|
| 1 | પ્રજ્ઞાબેન લીંબડ | જામનગર | 9879742997 | brcjamnagar2@gmail.com |
| 2 | મનિષભાઈ ચાવડા | ધ્રોલ | 9974277278 | brc.jmr.dhrol@gmail.com |
| 3 | ટીનાબેન ત્રિવેદી | દ્વારકા | 8849098861 | brc.dwk.dwarka@gmail.com |
| 4 | પંકજભાઈ રાણા | ખંભાળિયા | 8000888551 | brc.dev.jamkhambhaliya@ssguj.in |
| 5 | સતીશભાઈ કપુરિયા | કાલાવડ | 9979514416 | brc.jmr.kalavad@gmail.com |
| 6 | આશીફ્ભાઈ જામી | જોડિયા | 9574560111 | brcjodiya@gmail.com |
| 7 | નિકુંજભાઈ પી. ચોટાઈ | જામજોધપુર | 9727730930 | brcjamjodhpur@gmail.com |
| 8 | ચેતનભાઈ રાઠોડ | કલ્યાણપુર | 9913918109 | brc.jmr.jamkalyanpur@gmail.com |
| 9 | યશપાલસિંહ જાડેજા | લાલપુર | 8758728284 | brclalpur@gmail.com |
| 10 | નિલેશભાઈ ડી. ગાગલિયા | ભાણવડ | 9016905708 | brc.dev.bhanvad@ssguj.in |

## 3. તાલુકાવાર સાક્ષરતા દર

| ક્રમ | તાલુકાનું નામ | સાક્ષરતા દર | | |
|---|---|---|---|---|
| | | સ્ત્રી | પુરૂષ | કુલ |
| 1 | ધ્રોલ | 61.53 | 74.11 | 67.95 |
| 2 | જોડિયા | 72.26 | 64.28 | 56.07 |
| 3 | જામનગર | 76.48 | 71.45 | 65.96 |
| 4 | કાલાવડ | 73.46 | 66.94 | 60.22 |
| 5 | જામજોધપુર | 98.91 | 73.01 | 66.17 |
| 6 | લાલપુર | 68.01 | 60.05 | 51.71 |
| 7 | ભાણવડ | 53.59 | 69.37 | 61.64 |
| 8 | દ્વારકા | 49.80 | 67.22 | 58.80 |
| 9 | કલ્યાણપુર | 67.51 | 58.43 | 49.08 |
| 10 | ખંભાળિયા | 68.43 | 59.77 | 50.43 |

Source : Census - 2011

## 4. તાલુકાવાર સી.આર.સી.ની માહિતી

| ક્રમ | તાલુકાનું નામ | સીઆરસીની સંખ્યા | | શાળાની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | કલસ્ટર સેન્ટરની સંખ્યા | કો.ઓ.ની સંખ્યા | ધો. 1 થી 5 | ધો. 1 થી 8 | |
| 1 | જામનગર | 27 | 27 | 33 | 209 | 242 |
| 2 | ધ્રોલ | 6 | 6 | 34 | 34 | 68 |
| 3 | જોડિયા | 5 | 5 | 16 | 29 | 45 |
| 4 | કાલાવડ | 11 | 11 | 43 | 74 | 117 |
| 5 | જામજોધપુર | 10 | 10 | 41 | 71 | 112 |
| 6 | લાલપુર | 12 | 12 | 46 | 79 | 125 |
| 7 | દ્વારકા | 11 | 06 | 21 | 70 | 91 |
| 8 | ભાણવડ | 13 | 13 | 31 | 79 | 110 |
| 9 | કલ્યાણપુર | 22 | 22 | 83 | 111 | 194 |
| 10 | ખંભાળિયા | 23 | 21 | 71 | 123 | 194 |
| કુલ | | **140** | **133** | **419** | **879** | **1298** |

## 5. તાલુકાવાર શાળાની સંખ્યા

| ક્રમ | તાલુકાનું નામ | ધો. 1 થી 5 | ધો. 1 થી 7/8 | કુલ | આશ્રમ શાળા | કે.જી. બી.વી. | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | જામનગર | 33 | 209 | 242 | 2 | 2 | 246 |
| 2 | ધ્રોલ | 34 | 34 | 68 | 2 | 0 | 70 |
| 3 | જોડિયા | 16 | 29 | 45 | 0 | 0 | 45 |
| 4 | કાલાવડ | 43 | 74 | 117 | 0 | 0 | 117 |
| 5 | જામજોધપુર | 41 | 71 | 112 | 1 | 0 | 113 |
| 6 | લાલપુર | 46 | 79 | 125 | 1 | 1 | 127 |
| 7 | દ્વારકા | 21 | 70 | 91 | 3 | 3 | 97 |
| 8 | ભાણવડ | 31 | 79 | 110 | 2 | 0 | 112 |
| 9 | કલ્યાણપુર | 83 | 111 | 194 | 2 | 3 | 199 |
| 10 | ખંભાળિયા | 71 | 123 | 194 | 2 | 3 | 199 |
| કુલ | | **419** | **879** | **1298** | **15** | **12** | **1325** |

## 6. તાલુકાવાર શિક્ષકોની સંખ્યા

| ક્રમ | તાલુકાનું નામ | બાલ વાટિકા | ધો. ૧/૨ પ્રજ્ઞા | ધો. ૩ થી ૫ | ધો. ૬ થી ૮ | | | HTAT | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ભાષા | ગણિત વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન | | |
| 1 | જામનગર | 190 | 271 | 588 | 260 | 218 | 195 | 70 | 1792 |
| 2 | ધ્રોલ | 29 | 57 | 107 | 49 | 52 | 50 | 09 | 353 |
| 3 | જોડિયા | - | 55 | 53 | 25 | 26 | 22 | 07 | 188 |
| 4 | કાલાવડ | 39 | 94 | 174 | 70 | 62 | 57 | 09 | 505 |
| 5 | લાલપુર | 20 | 114 | 151 | 82 | 71 | 35 | 14 | 487 |
| 6 | જામજોધપુર | 21 | 123 | 118 | 70 | 51 | 53 | 12 | 448 |
| 7 | દ્વારકા | 0 | 110 | 143 | 71 | 53 | 58 | 11 | 446 |
| 8 | ભાણવડ | 110 | 85 | 131 | 79 | 65 | 62 | 19 | 551 |
| 9 | ખંભાળિયા | 166 | 156 | 336 | 128 | ૧૦૦ | ૧૦૫ | 45 | 1036 |
| 10 | કલ્યાણપુર | 0 | 209 | 192 | 134 | 88 | 115 | 19 | 757 |
| કુલ | | **575** | **1274** | **1993** | **968** | **786** | **752** | **215** | **6563** |

## 7. તાલુકાવાર જીઇઆર, એનઇઆર, ડ્રોપઆઉટ રેટ અને રીપીટેશન રેટ

| ક્રમ | તાલુકો | કુલ (6 થી 14 વર્ષ) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | જીઇઆર | કુમાર | કન્યા | એનઇઆર | ડ્રોપઆઉટ | રીપીટેશન |
| 1 | ધ્રોલ | 99.87 | 99.86 | 99.86 | 91.55 | 92.77 | 92.10 | 5.34 | 6.57 |
| 2 | જોડીયા | 99.65 | 99.57 | 99.61 | 91.42 | 92.70 | 92.02 | 3.63 | 4.45 |
| 3 | જામનગર | 99.17 | 99.16 | 99.16 | 88.36 | 88.65 | 88.50 | 4.48 | 5.93 |
| 4 | કાલાવડ | 99.92 | 99.94 | 99.93 | 91.67 | 91.92 | 91.78 | 3.83 | 4.40 |
| 5 | જામજોધપુર | 99.88 | 99.88 | 99.88 | 91.40 | 92.17 | 91.77 | 5.80 | 6.63 |
| 6 | લાલપુર | 99.82 | 99.91 | 99.86 | 88.80 | 89.69 | 89.21 | 4.25 | 5.09 |
| 7 | ભાણવડ | 99.52 | 99.56 | 99.54 | 81.02 | 81.38 | 81.19 | 5.27 | 94.73 |
| 8 | દ્વારકા | 98.45 | 98.47 | 98.46 | 80.66 | 81.65 | 81.12 | 7.40 | 92.60 |
| 9 | કલ્યાણપુર | 99.93 | 99.88 | 99.91 | 82.05 | 82.17 | 82.11 | 5.45 | 94.55 |
| 10 | ખંભાળીયા | 99.25 | 99.48 | 99.36 | 79.69 | 80.84 | 80.22 | 6.10 | 93.90 |
| | કુલ | 99.55 | 99.57 | 99.56 | 86.66 | 87.39 | 87.00 | 5.09 | 40.89 |

(Source : DISE report 2017-18. Local body and MSB schools)

## 8. ધોરણ 1 થી 8 વિદ્યાર્થી સંખ્યા

| ક્રમ | તાલુકો | બાલવાટિકા | ધો.1/2 | ધો. 3 થી 5 | ધો. 6 થી 8 | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1 | ધ્રોલ | 474 | 868 | 2030 | 1657 | **9884** |
| 2 | જોડીયા | 642 | 686 | 2286 | 1918 | **11064** |
| 3 | જામનગર | 4560 | 6707 | 18932 | 17209 | **94816** |
| 4 | કાલાવડ | 897 | 1973 | 4508 | 3651 | **22058** |
| 5 | જામજોધપુર | 1125 | 1151 | 4059 | 3780 | **20230** |
| 6 | લાલપુર | 1243 | 1724 | 4866 | 4107 | **23880** |
| 7 | ભાણવડ | 1367 | 1523 | 4450 | 4027 | **22734** |
| 8 | દ્વારકા | 1416 | 2111 | 5296 | 4953 | **27552** |
| 9 | કલ્યાણપુર | 2125 | 2425 | 6743 | 6149 | **34884** |
| 10 | ખંભાળીયા | 2573 | 3037 | 10055 | 9156 | **49642** |
| | કુલ | **16422** | **22205** | **63225** | **56607** | **316744** |

## 9. જિલ્લાની એકંદર શૈક્ષણિક વિગત :

| ક્રમ | વિગત | જામનગર જિલ્લો | દેવભૂમિ દ્વારકા જિલ્લો |
|---|---|---|---|
| 1 | બ્લોક્સ | 6 | 4 |
| 2 | સીઆરસી સેન્ટર | 71 | 69 |
| 3 | સરકારી શાળાઓ (ધો. ૧ થી ૫) | 209 | 209 |
| 4 | સરકારી શાળાઓ (ધો. ૬ થી ૮) | 500 | 388 |
| 5 | આશ્રમ શાળાઓ પ્રાથમિક | 0 | 0 |
| 6 | આશ્રમ શાળાઓ ઉચ્ચ પ્રાથમિક | 5 | 8 |
| 7 | કેન્દ્ર સરકાર અંતર્ગત પ્રાથમિક શાળા | 0 | 0 |
| 8 | કેન્દ્ર સરકાર અંતર્ગત ઉચ્ચ પ્રાથમિક શાળા | 7 | 3 |
| 9 | ગવર્નમેન્ટ એઇડેડ પ્રાથમિક શાળા | 1 | 0 |
| 10 | ગવર્નમેન્ટ એઇડેડ ઉચ્ચ પ્રાથમિક શાળા | 9 | 1 |
| 11 | ખાનગી પ્રાથમિક શાળાઓ | 18 | 12 |
| 12 | ખાનગી ઉચ્ચ પ્રાથમિક શાળાઓ | 355 | 153 |
| 13 | માધ્યમિક શાળાઓ | 147 | 72 |
| 14 | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | 16 | 12 |
| 15 | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | 176 | 101 |
| 16 | માધ્યમિક શાળાઓ (સરકારી ) | 20 | 31 |
| 17 | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સરકારી) | 6 | 3 |
| 18 | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ(સરકારી) | 11 | 8 |
| 19 | માધ્યમિક શાળાઓ (એઇડેડ) | 72 | 22 |
| 20 | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (એઇડેડ) | 2 | 0 |
| 21 | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ(એઇડેડ) | 31 | 23 |
| 22 | સરકારી શાળાના શિક્ષકો (ધો. ૧ થી ૫) | 2318 | 1734 |
| 23 | સરકારી શાળાના શિક્ષકો (ધો. ૬ થી ૮) | 1530 | 1028 |
| 24 | આશ્રમ શાળાનાં શિક્ષકો પ્રાથમિક | 12 | 21 |
| 25 | આશ્રમ શાળાનાં શિક્ષકો ઉચ્ચ પ્રાથમિક | 5 | 13 |
| 26 | કેન્દ્ર સરકાર અંતર્ગત પ્રાથમિક શાળાના શિક્ષકો | 48 | 13 |
| 27 | કેન્દ્ર સરકાર અંતર્ગત ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકો | 23 | 03 |

| | | | |
|---|---|---|---|
| 28 | ગવર્નમેન્ટ એઇડેડ પ્રાથમિક શાળાનાં શિક્ષકો | 37 | 04 |
| 29 | ગવર્નમેન્ટ એઇડેડ ઉચ્ચ પ્રાથમિક શાળાનાં શિક્ષકો | 11 | 03 |
| 30 | ખાનગી પ્રાથમિક શાળાનાં શિક્ષકો | 1961 | 644 |
| 31 | ખાનગી ઉચ્ચ પ્રાથમિક શાળાનાં શિક્ષકો | 861 | 279 |
| 32 | સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકો | 57 | 91 |
| 27 | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો | 55 | 38 |
| 28 | ગવર્નમેન્ટ એઇડેડ માધ્યમિક શાળાઓના શિક્ષકો | 393 | 173 |
| 29 | ગવર્નમેન્ટ એઇડેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાશિક્ષકો | 207 | 125 |
| 30 | આશ્રમ શાળાનાં શિક્ષકો (માધ્યમિક) | 02 | 05 |
| 31 | આશ્રમ શાળાનાં શિક્ષકો (ઉચ્ચતર માધ્યમિક) | 0 | 06 |
| 32 | કેન્દ્ર સરકાર અંતર્ગત માધ્યમિક શાળાના શિક્ષકો | 69 | 22 |
| 33 | કેન્દ્ર સરકાર અંતર્ગત ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો | 43 | 03 |
| 34 | ખાનગી માધ્યમિક શાળાનાં શિક્ષકો | 707 | 268 |
| 35 | ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાનાં શિક્ષકો | 635 | 231 |

## કાર્યક્રમ અનુસાર આયોજન (વર્ષ 2024-25)

## શિક્ષકો ,બી.આર.સી./સી.આર.સી. કૉ.- ઓર્ડિનેટર્સ, એસ.એમ.સી.સભ્યો વગેરે માટેના તાલીમ કાર્યક્રમો

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | હેતુઓ | સંભવિત માસ અને તારીખ | સ્થળ | લાભાર્થી જૂથ | તાલીમ વર્ગની સંખ્યા | તાલીમ ના દિવસો | લાભાર્થી સંખ્યા | તજજ્ઞ સંખ્યા | અંદાજિત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | આઈએફઆઈસી | બીઆરસી અને સીઆરસી કૉ-ઓર્ડીનેટર્સ માટે ઓરિએંટેશન તાલીમવર્ગ | તાલીમાર્થીઓ શિક્ષણના નૂતન પ્રવાહોથી પરિચિત થાય | 1 દિવસ (એપ્રિલ) | ડાયેટ જામનગર | બીઆરસી અને સીઆરસી કૉ-ઓર્ડીનેટર્સ | 3 | 1 | 140 | 9 | 70000 |
| 2 | ડીઆરયુ | બાળવાટિકાના સંદર્ભમાં કઠિન બિંદુ સરળીકરણ તાલીમ વર્ગ | બાળવાટિકાના સંદર્ભમાં કઠિન બિંદુ સરળીકરણ અંગે માર્ગદર્શન પ્રાપ્ત થાય. | 2 દિવસ (મે) | ડાયેટ જામનગર | બાળવાટિકા શિક્ષકો | 2 | 2 | 100 | 12 | 100000 |

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | હેતુઓ | સંભવિત માસ અને તારીખ | સ્થળ | લાભાર્થી જૂથ | તાલીમ વર્ગની સંખ્યા | તાલીમ ના દિવસો | લાભાર્થી સંખ્યા | તજજ્ઞ સંખ્યા | અંદાજિત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | પી એન્ડ એમ | શાળા વિકાસ આયોજન (SDP) માર્ગદર્શન કાર્યશાળા | શાળા વિકાસ આયોજન (SDP) તૈયાર કરવા માટે તાલીમાર્થીઓને માર્ગદર્શન મળે. | 2દિવસ (જૂન) | ડાયેટ, જામનગર | પ્રાથમિક શાળાના આચાર્યો | 2 | 2 | 70 | 12 | 70000 |
| 4 | સીએમડીઈ | અધ્યયન નિષ્પતિ અંગેની જાણકારી અને HOTs ની સંરચના અંગેની કાર્યશાળા | તાલીમાર્થીઓને અધ્યયન નિષ્પતિ અંગે સ્પષ્ટતા મળે અને HOTsની રચના અંગે માર્ગદર્શન મળી શકે. | 2 દિવસ (જૂલાઈ) | ડાયેટ જામનગર | માધ્યમિક શાળાના શિક્ષકો | 3 | 2 | 150 | 18 | 150000 |
| 5 | આઈએફઆઈસી | નવનિયુક્ત જ્ઞાન સહાયક માટે ઇંડકશન તાલીમ | તાલીમાર્થીઓ શિક્ષણના પાયાનાં ખ્યાલોં અને નૂતન પ્રવાહોથી વાકેફ થાય. | 2 દિવસ (જૂલાઈ ) | ડાયેટ જામનગર | જ્ઞાન સહાયક | 4 | 2 | 140 | 24 | 140000 |

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | હેતુઓ | સંભવિત માસ અને તારીખ | સ્થળ | લાભાર્થી જૂથ | તાલીમ વર્ગની સંખ્યા | તાલીમ ના દિવસો | લાભાર્થી સંખ્યા | તજજ્ઞ સંખ્યા | અંદાજિત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 6 | ઇટી | ઓપન એજ્યુકેશન રીસોર્સીસ (OER)અંગેનો તાલીમ વર્ગ | શિક્ષકો OER નાં વિવધ પાસાઓ,જૂદા જૂદા portal વિષે માહિતગાર થાય અને CPDનાં સંદર્ભમાં જાગૃતિ ફેલાય | 2 દિવસ (ઓગસ્ટ) | ડાયેટ જામનગર | પ્રાથમિક શાળાના શિક્ષકો અને આચાર્યો | 2 | 2 | 100 | 12 | 100000 |
| 7 | પી એન્ડ એમ | NEP -2020 અન્વયે ભારતીય જ્ઞાન પરંપરાનો વર્ગખંડ પ્રક્રિયામાં વિનિયોગ અંગેનો સેમિનાર | NEP-2020 અન્વયે ભારતીય જ્ઞાન પરંપરાથી તાલીમાર્થી પરિચિત થાય | 2 (સપ્ટેમ્બર) | ડાયેટ, જામનગર | ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો | 2 | 2 | 70 | 12 | 70000 |
| 8 | આઈએફઆઈસી | વિષય આધારિત ઇનોવેટિવ પેડાગોજીના ઉપયોગ અંગેનો તાલીમ વર્ગ | NEP – 2020 માં દર્શાવેલ ઇનોવેટિવ પેડગોજીના વિષય શિક્ષણના સંદર્ભમાં ઉપયોગ કરી શકે. | 2 દિવસ (સપ્ટેમ્બર) | ડાયેટ જામનગર | માધ્યમિક શાળાના શિક્ષકો | 2 | 2 | 100 | 12 | 100000 |

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | હેતુઓ | સંભવિત માસ અને તારીખ | સ્થળ | લાભાર્થી જૂથ | તાલીમ વર્ગની સંખ્યા | તાલીમ ના દિવસો | લાભાર્થી સંખ્યા | તજજ્ઞ સંખ્યા | અંદાજિત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | સીએમડીઇ | પ્રશ્નપત્ર સંરચના કાર્યશાળા ધોરણ 3 થી 8 સત્ર 1 | ધોરણ 3 થી 8 નાં સત્રાંત પરીક્ષાના પ્રશ્નપત્રની સંરચના થાય. | 5 દિવસ (સપ્ટેમ્બર) | ડાયેટ જામનગર | ધોરણ 3 થી ૮ના વિષય શિક્ષકો અને SRG | 1 | 4 | 56 | - | 140000 |
| 10 | ઇટી | એનઇપી – 2020 અન્વયે શિક્ષણના ICTના વિનિયોગ અંગેનો તાલીમ વર્ગ | શિક્ષણમાં ICTનાં ઉપયોગ અંગે તાલીમાર્થીઓને માર્ગદર્શન મળે. | 2 દિવસ (ઓક્ટોબર ) | ડાયેટ જામનગર | ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો | 2 | 2 | 100 | 12 | 100000 |
| 11 | ડબલ્યુઇ | 10 બેગલેસ દિવસ કાર્યક્રમ માટે સ્થાનિક વ્યવસાયો વિષે જાણકારી અને જાગૃતિ અંગેનો કાર્યક્રમ | 10 બેગલેસ દિવસ કાર્યક્રમ અને સ્થાનિક વ્યવસાયો વિશે તાલીમાર્થીઓને માહિતી પ્રાપ્ત થાય. | 2 દિવસ (નવેમ્બર) | ડાયેટ જામનગર | ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો | 4 | 2 | 140 | 24 | 140000 |

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | હેતુઓ | સંભવિત માસ અને તારીખ | સ્થળ | લાભાર્થી જૂથ | તાલીમ વર્ગની સંખ્યા | તાલીમ ના દિવસો | લાભાર્થી સંખ્યા | તજજ્ઞ સંખ્યા | અંદાજિત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | ઇટી | CPD નાં સંદર્ભમાં DIKSHA પ્લેટફોર્મ જાણકારી અંગેની કાર્યશાળા | શિક્ષકો DIKSHAનાં વિવધ પાસાઓ વિષે માહિતગાર થાય અને CPDનાં સંદર્ભમાં જાગૃતિ ફેલાય | 2 દિવસ (ડીસેમ્બર) | ડાયેટ જામનગર | પ્રાથમિક શિક્ષકો | 1 | 2 | 50 | 6 | 50000 |
| 13 | ડીઆરયુ | આઈસીડીએસ કાર્યકરોની ક્ષમતાવૃદ્ધિ માટેનો તાલીમ કાર્યક્રમ | આઈસીડીએસ કાર્યકરોમાં વિવિધ પ્રકારના કૌશલ્યો અને ક્ષમતાઓનો વિકાસ થાય. | 2 દિવસ (ડીસેમ્બર) | ડાયેટ જામનગર | આઈસીડીએસ કાર્યકરો | 3 | 2 | 140 | 6 | 140000 |
| 14 | ડબલ્યુઈ | NEP – 2020ના સંદર્ભમાં ફન વિથ સાયન્સ કાર્યશાળા | વિજ્ઞાન શિક્ષણ વધારે સઘન બનાવવા પ્રવૃત્તિ આધારિત માર્ગદર્શન પ્રાપ્ત થશે. | 2દિવસ (જાન્યુ.2025) | ડાયેટ જામનગર | ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો | 2 | 1 | 70 | 6 | 70000 |

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | હેતુઓ | સંભવિત માસ અને તારીખ | સ્થળ | લાભાર્થી જૂથ | તાલીમ વર્ગની સંખ્યા | તાલીમ ના દિવસો | લાભાર્થી સંખ્યા | તજજ્ઞ સંખ્યા | અંદાજિત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | સીએમડીઇ | પ્રશ્નપત્ર સંરચના કાર્યશાળા ધોરણ 3 થી 8 સત્ર 2 | ધોરણ 3 થી 8 નાં સત્રાંત પરીક્ષાના પ્રશ્નપત્રની સંરચના થાય. | 5 દિવસ (ફેબ્રુઆરી 2025) | ડાયેટ જામનગર | ધોરણ 3 થી 8ના વિષય શિક્ષકો અને SRG | 2 | 5 | 56 | - | 140000 |
| 16 | બધી જ શાખાઓ | નીડ બેઝડ તાલીમ કાર્યક્રમો | સ્થાનિક જરૂરીયાત અને જીસીઈઆરટીની સૂચના મુજબના કાર્યક્રમો | જુન થી ફેબ્રુઆરીની વચ્ચે | ડાયેટ જામનગર | તમામ સ્ટેક હોલ્ડર્સ | 5 | 2 | 220 | 30 | 220000 |
| કુલ | | | | | | | **40** | **36** | **1702** | **198** | **1800000** |

# ડાયટ ફેકલ્ટીઝ ડેવલોપમેન્ટ માટેનાં કાર્યક્રમો

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | સંસ્થાનું નામ | હેતુઓ | તાલીમના દિવસો અને તારીખ | અધ્યાપકોની સંખ્યા | યુનિટ કોસ્ટ | અંદાજીત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | પી એન્ડ એમ | એજ્યુકેશનલ એકસપોઝર વિઝિટ | કચ્છ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત | કચ્છ જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓની કામગીરી અને વિશિષ્ટતાઓ વિશે જાણકારી મળશે. તથા શૈક્ષણિક અને ઐતિહાસિક બાબતોની આપ-લે થઈ શકશે. | 5(મે) | 6 | 1000 | 30000 |
| 2 | પી એન્ડ એમ | કેપેસિટી બિલ્ડીંગ વર્કશોપ | ડાયેટ,જામનગર | ડાયેટ લેકચરર્સની કેપેસિટી અને કૌશલ્યમાં વધારો થાય. | 5(જૂલાઈ) | 6 | 1000 | 30000 |
| 3 | આઈએફઆઈસી | એજ્યુકેશનલ એકસપોઝર વિઝિટ | સુરત જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત | સુરત જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓની કામગીરી, વિશિષ્ટતાઓ અને બેસ્ટ પ્રેકટીસીઝ વિશે જાણકારી મળશે. તથા શૈક્ષણિક બાબતોની આપ-લે થઈ શકશે. | 5(ઓગસ્ટ) | 5 | 1000 | 25000 |

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | સંસ્થાનું નામ | હેતુઓ | તાલીમના દિવસો અને તારીખ | અધ્યાપકોની સંખ્યા | યુનિટ કોસ્ટ | અંદાજીત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | સીએમડીઈ | એજ્યુકેશનલ એકસપોઝર વિઝિટ | રાજકોટ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા અન્ય શિક્ષણ સંસ્થાઓની મુલાકાત | રાજકોટ જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓની કામગીરી, વિશિષ્ટતાઓ અને બેસ્ટ પ્રેકટીસીઝ વિશે જાણકારી મળશે. તથા શૈક્ષણિક બાબતોની આપ-લે થઈ શકશે. | 5(સપ્ટેમ્બર) | 6 | 1000 | 30000 |
| 5 | ડીઆરયુ | એજ્યુકેશનલ એકસપોઝર વિઝિટ | પોરબંદર જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત | પોરબંદર જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓની કામગીરી, વિશિષ્ટતાઓ અને બેસ્ટ પ્રેકટીસીઝ વિશે જાણકારી મળશે. તથા શૈક્ષણિક બાબતોની આપ-લે થઈ શકશે. | 5(ઓકટોબર) | 6 | 1000 | 30000 |
| 6 | પીએસટીઈ | એજ્યુકેશનલ એક્સપોઝર વિઝિટ | દેવભૂમિ દ્વારકા જિલ્લાની વિવિધ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ તથા એતિહાસિક સ્થળોની મુલાકાત | દેવભૂમિ દ્વારકા જિલ્લાની, શૈક્ષણિક સંસ્થાઓની કામગીરી, વિશિષ્ટતાઓ અને બેસ્ટ પ્રેકટીસીઝ વિશે જાણકારી મળશે. તથા શૈક્ષણિક બાબતોની આપ-લે થઈ શકશે. | 5(ડીસેમ્બર) | 6 | 1000 | 30000 |

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | સંસ્થાનું નામ | હેતુઓ | તાલીમના દિવસો અને તારીખ | અધ્યાપકોની સંખ્યા | યુનિટ કોસ્ટ | અંદાજીત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | ઈટી | એજ્યુકેશનલ એકસપોઝર વિઝિટ | ગીર સોમનાથ જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા સોમનાથ સંસ્કૃત યુનીવર્સીટીની મુલાકાત | ગીર સોમનાથ જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અન્ય શૈક્ષણિક સંસ્થાઓની કામગીરી અને બેસ્ટ પ્રેકટીસીઝ વિશે જાણકારી મળશે. તથા શૈક્ષણિક બાબતોની આપ-લે થઈ શકશે. સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી વિષે જાણકારી પ્રાપ્ત થશે. | 5(જાન્યુ.25) | 5 | 1000 | 25000 |
| **કુલ** | | | | | **35** | **40** | | **2,00,000** |

# સંશોધન સંબંધિત પ્રવૃત્તિઓની વિગત

| ક્રમ | શાખાનું નામ | સંશોધકનું નામ | પ્રવૃત્તિની વિગત | હેતુઓ | સંશોધનનું લક્ષ્ય જૂથ | સંશોધનનો નમૂનો | અંદાજિત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | પીએસટીઈ | ડો.ડી.ડી.આસોદરીયા | ધોરણ 7 નાં ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકનાં સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ. (જિલ્લો જામનગર) | ધોરણ 7 નાં ગુજરાતી વિષયના વિવિધ પાસાઓનાં સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો જાણવા. | શિક્ષકો | 300 | 5000 |
| 2 | પીએસટીઈ | ડો.એચ.એમ.અક્વાલીયા | ધોરણ 7 નાં ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકનાં સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ. (જિલ્લો દેવભૂમિ દ્વારકા) | ધોરણ 7 નાં ગુજરાતી વિષયના વિવિધ પાસાઓનાં સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો જાણવા. | શિક્ષકો | 300 | 5000 |
| 3 | ઈટી | ડો.એસ.જે.જાની | SEAS – 2023 નાં પરિણામ આધારિત કઠીનબિંદુ સરળીકરણ માટે ઇનોવેટીવ પેડાગોજીની અસરકારકતાનો અભ્યાસ (દેવભૂમિ દ્વારકા) | ધોરણ 7 નાં ગુજરાતી વિષયના વિવિધ પાસાઓનાં સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો જાણવા. | શિક્ષકો | 300 | 5000 |
| 4 | સીએમડીઇ | શ્રી વી. વી. સુરેલિયા | SEAS – 2023 નાં પરિણામ આધારિત કઠીનબિંદુ સરળીકરણ માટે ઇનોવેટીવ પેડાગોજીની અસરકારકતાનો અભ્યાસ (જામનગર ) | કઠીનબિંદુ સરળીકરણ માટે ઇનોવેટીવ પેડાગોજીનાં ઉપયોગની અસરકારકતા ચકાસવામાં આવશે. | શિક્ષકો | 300 | 5000 |

| ક્રમ | શાખાનું નામ | સંશોધકનું નામ | પ્રવૃત્તિની વિગત | હેતુઓ | સંશોધનનું લક્ષ્ય જૂથ | સંશોધનનો નમૂનો | અંદાજિત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|
| 5 | પીએન્ડએમ | ડો. એસ. એમ. પંડ્યા | ક્રિયાત્મક સંશોધન માર્ગદર્શન સેમીનાર | જિલ્લાનાં શિક્ષકોને તેઓનાં વર્ગ કે શાળા કક્ષાની સમસ્યાનાં ઉકેલનાં સંદર્ભમાં ક્રિયાત્મક સંશોધન અંગે માર્ગદર્શન પ્રાપ્ત થાય | શિક્ષકો | 50 | 40000 |
| 6 | પીએન્ડએમ | ડો. એસ. એમ. પંડ્યા | ક્રિયાત્મક સંશોધનનું સંકલન અને પ્રેઝન્ટેશન સેમીનાર | જિલ્લાના શિક્ષકોને આપેલા ક્રિયાત્મક સંશોધનો પૂર્ણ થતા તેની સમીક્ષા થાય અને જરૂરી સૂચનો આપી શકાય. | શિક્ષકો | 50 | 40000 |
| 7 | પીએન્ડએમ | ડો. એસ. એમ. પંડ્યા | શિક્ષકો દ્વારા હાથ ધરાનાર ક્રિયાત્મક સંશોધનો | ક્રિયાત્મક સંશોધનો હાથ ધરાશે | શિક્ષકો | 50 | 100000 |
| | કુલ | | | | | | **2,00,000** |

## શાખાવાર કાર્યક્રમ અને બજેટ સમરી

| શાખા | તાલીમ કાર્યક્રમો | | ડાયેટ ફેકલ્ટી ડેવલોપમેન્ટ માટેના કાર્યક્રમો | | સંશોધન સંબંધિત કામગીરી | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | કાર્યક્રમ | બજેટ | કાર્યક્રમ | બજેટ | કાર્યક્રમ | બજેટ | કાર્યક્રમ | બજેટ |
| પીએસટીઇ | - | - | 1(1) | 30,000 | 2(2) | 10,000 | 3(3) | 40,000 |
| આઈએફઆઈસી | 3(6) | 2,10,000 | 1(1) | 25,000 | - | - | 4(7) | 2,35,000 |
| સીએમડીઈ | 3(8) | 5,30,000 | 1(1) | 30,000 | 1(1) | 5000 | 5(10) | 5,65,000 |
| ડીઆરયુ | 2(5) | 2,40,000 | 1(1) | 30,000 | - | - | 3(6) | 2,70,000 |
| ડબલ્યુઈ | 2(6) | 2,10,000 | - | - | - | - | 2(6) | 2,40,000 |
| ઈટી | 3(5) | 2,50,000 | 1(1) | 25,000 | 1(1) | 5000 | 5(7) | 2,80,000 |
| પી એન્ડ એમ | 2(4) | 1,40,000 | 2(2) | 60,000 | 3(3) | 1,80,000 | 7(9) | 3,20,000 |
| એમએસયુ | - | - | - | - | - | - | - | - |
| બધી શાખા (નીડ બેઇઝ) | 1(5) | 2,20,000 | - | - | - | - | 1(5) | 2,20,000 |
| કુલ | **16(39)** | **18,00,000** | **7(7)** | **2,00,000** | **7(7)** | **2,00,000** | **30(53)** | **22,00,000** |

નોધ : ઉપરોક્ત સમરીમાં કૌંસ બહારની સંખ્યા કાર્યક્રમનું મુખ્ય શીર્ષક દર્શાવે છે અને કૌંસમાની સંખ્યા તે અન્વયેના વર્ગોની સંખ્યા દર્શાવે છે.